## વિષય :- સામાજિક વિજ્ઞાન ધોરણ :- 7 બીજું સત્ર

## પાઠ નંબર: 13. આપત્તિ-વ્યવસ્થાપન 25 marks

વિધાર્થીનું નામ:-..................................................................................

**૧ નીચે આપેલા દરેક પ્રશ્નના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી આગળ √ કરો. 6 marks**

1. પૃથ્વીનાં કયા ફેરફારને કારણે ભૂકંપ અને સુનામી સર્જાય છે?

(A) આબોહવા ફેરફાર (B) બાહ્ય ફેરફાર (C) આંતરિક ફેરફાર (D) આપેલ તમામ

2. કોઈ ગામ મહીસાગર નદીના કિનારે આવેલું છે તો અહીં કઈ આપત્તિ આવવાની સંભાવના રહેશે?

(A) દાવાનળ (B) પૂર (C) સુનામી (D) ત્રણેયમાંથી એક પણ નહીં

3. નીચેનામાંથી કઈ આપત્તિ પ્રાકૃતિક આપત્તિ નથી?

(A) જવાળામુખી (B) ભૂકંપ (C) પૂર (D) હુલ્લડ

4. શિક્ષક કહે છે, "આવું થાય તો ગભરાવું નહિ, પાટલી નીચે બેસી જવું." આ કઈ આપત્તિની વાત કરતાં હશે?

(A) ચક્રાવાત (B) ભૂકંપ (C) પૂર (D) દાવાનળ

5. "માછીમારો એ દરિયો ખેડવાં જવું નહિ." આ કઈ આપત્તિ સમયની સરકારી સૂચના છે?

(A) દાવાનળ (B) ભૂકંપ (C) ત્સુનામી (D) દુષ્કાળ

6. દાવાનળથી કઈ સંપત્તિને પારાવાર નુકસાન થાય છે?

(A) ખનીજ (B) કૃષિ (C) વન્ય (D) ઔધોગિક

**પ્રશ્ન - 2 યોગ્ય શબ્દો વડે નીચેના વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો. 5 marks**

1.વાતાવરણમાં હવાનું દબાણ ઉત્પન્ન થવાથી અત્યંત વેગપૂર્વક પવન ફૂંકાય તેને ............... કહે છે.

2.પાણી અને ખોરાકનો અભાવ અને ભૂખમરો એ ............... આપત્તિનાં લક્ષણો છે.

3.ગુજરાતમાં થતાં વિનાશક ભૂકંપનું કેન્દ્ર મોટે ભાગે ............. જિલ્લામાં હોય છે.

4. સુનામી અને વાવાઝોડું ........................... સ્થળે ભારે વિનાશ સર્જે છે.

5. વિશ્વમાં સૌથી વધારે માર્ગ અકસ્માતમાં મૃત્યુ .................. દેશમાં થાય છે.

**3. નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.** **5 marks**

1. અકસ્માત સમયે આપણે પહેલાં તેનો મોબાઈલથી વીડિયો બનાવવો જોઈએ.

2. અતિવૃષ્ટિથી બચવા માટે બને એટલાં વધુ વૃક્ષો વાવવાં જોઈએ.

3. સમુદ્રના તળિયે જવાળામુખી વિસ્ફોટ થતાં સુનામી આવે છે.

4. રાજસ્થાનમાં ખૂબ જ વરસાદ પડે તો અમદાવાદમાં પૂર આવે છે.

5. ગુજરાતનાં કચ્છ અને સૌરાષ્ટ્ર કિનારે વાવાઝોડાની અસર ઓછી અનુભવાય છે.

**પ્રશ્ન – 4 બંધ બેસતાં જોડકાં રચો.** **5 marks**

| વિભાગ- (અ) | ઉત્તર | વિભાગ- (બ) |
|---|---|---|
| 1. ભૂકંપ | 1. | A. પાણી કરકસરથી વાપરો. |
| 2. વાવાઝોડું | 2. | B. સમુદ્ર કિનારેથી દૂર સુરક્ષિત સ્થળે જતાં રહેવું. |
| 3. સુનામી | 3. | C. પાણી ઉકાળીને પીવું. |
| 4. પૂર | 4. | D. મનુભાઈના ઘરના છાપરાં ઉડી ગયા. |
| 5. દુષ્કાળ | 5. | E. ખુલ્લા મેદાનમાં ચાલ્યા જવું. |

**5. મને ઓળખો.** **4 marks**

1. હું નદીમાં એકાએક આવતો ધસમસતાં પાણીનો પ્રવાહ છું.

2. મારા લીધે જંગલનાં પ્રાણીઓ, પક્ષીઓ અને વૃક્ષોને પારાવાર નુકસાન થાય છે.

3. હું સમુદ્ર કિનારે પ્રલયકારી મોજાં બનીને આવું છું.

4. ઘરની બહાર ખુલ્લા મેદાનમાં તમે મારી અસર સામે સુરક્ષિત છો.